# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના ઉદ્યોગરસિક વિદ્યાર્થીઓએ ઈડીઆઈની મુલાકાત લીધી



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ઉદ્યોગ સાહસિક બનવા માગતા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઍન્ટરપ્રેન્યરશીપ ડેવલપમૅન્ટ ઈન્સ્ટીટ્યુટ (ઈડીઆઈ), ભાટની એક મુલાકાતનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું.

કુલ ૩૨ વિદ્યાર્થીઓએ આ મુલાકાતમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈડીઆઈ ખાતે વિદ્યાર્થીઓ માટે બે સૅશન આયોજિત કરવામાં આવ્યાં હતાં. એક સૅશનમાં પ્રા. કવિતા સક્સેનાએ વિદ્યાર્થીઓને 'સ્ટાર્ટ-અપ ઈન્ડિયા' વિશે માહિતગાર કર્યા હતા અને તેના માટે ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સહાય વિશે વિગતે સમજ આપી હતી. બીજા સૅશનમાં ઈડીઆઈના નૅશનલ કો-ઓર્ડિનેટર પ્રકાશ સોલંકીએ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક કેમ બનવું જોઈએ? તે વિશે વાત કરી જણાવ્યું હતું કે ભારતમાં અત્યારે ઉદ્યોગ સ્થાપિત કરવાનો સુવર્ણ સમય ચાલી રહ્યો છે. ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી કે ઉદ્યોગો સ્થાપવાની દૃષ્ટિએ ભારતનો ક્રમ દુનિયામાં ચોથો છે ને દેશ થોડા જ સમયમાં આ ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે પહોંચી જશે.

વિદ્યાર્થીઓએ બંને નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી કરી હતી અને ઉદ્યોગ સાહસિક બનવાનો પોતાનો વિચાર અભિવ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.